शुद्धिपत्र

	पृष्ठ.	पंक्ति.	अशुद्ध.	शुद्ध.
उपोद्घात	२	३	प्रकृतभाषा	प्राकृतभाषा.
	३	१५	हेमचेन्द्राचार्ये	हेमचन्द्राचार्य
	४	१७	संस्कृत	सांस्कृत
	८	१८	रुप	रूप
	११	१२	प्रद्शोनी	प्रदेशोनी
	१२	१६	तै	ते
	१४	२१	अध्यायोंमां	अध्यायोमां
	१५	२	जैनोंने	जैनोने
	१५	५	कइंक	कंइक
	१८	१४	प्राकृतरुपावतार	प्राकृतरूपावतार
	१६	२	आणवामां	आपवामां
	२२	१६	—रुपे	-रूपे
	”	२३	”	”
	२३	१	भाषाना	भाषानो
	२७	१	रुपो	रूपो
	”	२	”	”
	३५	२५	गंणाव्यो	गणाव्यो
	४१	२१	करता	करतां
	४८	३	रुपो	रूपो
पाठमाला	१	६	बोच्छ	वोच्छं
	१	६	ताथ	तथा
	२	२०	पइहरं	पईहरं
	२	२४	गोरिहरं	गोरीहरं
	३	२	नेमितक	निमित्तक.
	३	१८	गुरुल्लापाः	गुरुल्लापाः
	४	८	पूर्व	पूर्वं
	११	६	मदन	मदनः
	”	२१	कइ	कई
	१५	१८	[illegible]	[illegible]

પૃષ્ઠ,	પંક્તિ.	અશુદ્ધ	શુદ્ધ.
૨૧	૬	દરિસણ	દરિસણં
૨૫	૨૪	ગ. વાઉ	ગોવાઉ
૨૮	૨૬	પ્રકાર	પ્રકાર
૩૮	૪	ભવભ્રમણ	જગત્
૪૧	૧૨	કપડાં	કપડું
૪૨	૨૧	વયમવલિઅ	વયમવલિઅં
૪૪	૨૦	ઉત્તરાજ્ઝયણ	ઉત્તરજ્ઝયણ
,,	૨૨	મૂલરુપને	મૂલરૂપને
૪૫	૮	હિયઅ	હિયઅં
,,	૧૨	ઉત્તરાજ્ઝ-	ઉત્તરજ્ઝ-
૪૬	૧૬	સાપઇ	આસાપઇ
૪૭	૨૨	સંસ્કૃતસાં	સંસ્કૃતમાં
૪૮	૧૯	રુપો	રૂપો
૫૦	૨	જાણવા	જાણવાં
,,	૪	માત્ર	માત્ર
,,	૧૫	નવકારવાલી	નવકારવાલી
૫૧	૩	સહ	સહ (સહ્)
૫૧	૧૩	ઉત્તરાજ્ઝયણમ્મિ	ઉત્તરજ્ઝયણમ્મિ
૫૩	૨૪	(સ્વાધ્યાય)	(સ્વાધ્યાય)
૫૪	૧૩	સીગ્ધં	સિગ્ધં
૫૫	૫	,,	,,
,,	૯	,,	,,
૫૬	૧૨	ઋકારાનો	ઋકારનો
૫૭	૨૦	રુપો	રૂપો
૫૮	૧૧	શણિઅં	સણિઅં
,,	૧૨	થાડુ	થોડું
૫૯	૪	દોહિતરી-	દોહિતરો, દોકરીનો
૬૦	૧૮	કરોમા	કરો માં
૬૨	૨	ગચ્છાઇ	ગચ્છઇ
,,	૧૩	પ્રવૃત્તિ	પ્રવૃત્તિ
,,	૧૬	(સવજ)	(સવાદ્)
૬૭	૧૨	થાય તે.	થાય છે.

पृष्ठ	पंक्ति.	अशुद्ध	शुद्ध
६६	१०	हुकुम	हुकम
७०	११	राईणं णोसु	राईणं मणेसु
७२	१९	पढज्जइ	पढिज्जइ
७३	८	(कार्यते इत्यर्थ.)	(कार्यते इत्यर्थः.)
७५	३	सारु	सारुं
७७	५	सस्स	जस्स
,,	७	सिम	सिम्
,,	१७	कीस्सा	किस्सा
७९	१०	वम्भइ	वयइ
८३	२४	वेभवग्राणो	वैभववालो
८५	५	पम्हुच्छं	पम्हुट्ठं
,,	७	कंदोहं	कंदोट्टं
८८	८	घणुशब्दवत्	घेणुशब्दवत्
८९	१६	जींदगी	जन्म
९०	२०	घर्म	धर्म
९८	१६	पट्टि	पट्ठि
९९	६	पातरु	पातरुं
,,	२१	मज्झ(मध्य)	मज्झे (मध्ये)
१००	२०	साहुणं	साहूणं
१०१	१०	जणनो	जणना
१०४	२	सावज्झं	सावज्जं
१०७	५	अम्हस्सि	अम्हस्सि
१०८	२०	हिमि को	हिमि, मंको
११०	१२	धनमस्यास्तीति	धनमस्यास्तीति
११२	६	पिञ्जरमेवं	पिञ्जरमेव
११८	३	एतावान्मात्रम्	एतावन्मात्रम्
१२७	६	सीमावइ	सीयावइ
१२७	१८	दौवारिअं	दोवारिअं
१२८	८	पिपत्तति:	पिपत्तति
१२६	१८	(शिक्ष व्रतिक)	(शिक्षाव्रतिक)
१३०	२	समुप्पज्जित्था:	समुप्पज्जित्था:
,,	१४	वयासी:	वयासी.

पृष्ठ,	पंक्ति.	अशुद्ध.	शुद्ध.
१३३	४	फकमः	कतमः
,,	१३	विष्वक	विष्वक्
१४३	२५	पृथक	पृथक्
१४५	२३	पितृपतिः	पितृवती
१४७	२२	णिच्छरो	सणिच्छरो
,,	२४	ए=अइ	ऐ=अइ
१५१	४	खीलक	खीलको
,,	२१	शृङ्खलम	शृङ्खलम्
१५३	४	पिठर	पिठरः
१६५	२२	सम्मडिओ	सम्मड्डिओ
१६७	२	उत्थारो	उत्थाहो
१७५	१५	शार्ङ्गम	शार्ङ्गम्
१९६	१७	(स्यामन)	(स्यामन्)
२०१	१०	तामोतरोः	तामोतरो.
२०३	२३	नियमावालिनी	नियमावलिनी
२०७	१५	सयुंक्त	संयुक्त
२२६	११	(पाणहद)	(पाणह्रद)
२३२	१९	पोहो	थोहो
२४४	१६	पे	ए
२४५	१०	फज्जाण	कज्जाणि
,,	१३	णिरिविखआणि	णिरिक्खिआणि
,,	२०	थोहइ	थोहह
२४७	६	अधम्मकज्जाणि	अ धम्मकज्जाणि
२५१	६	देखे	देखाय
२६९	६	आत्माथी	आत्मार्थी

उपोद्घात.

प्राचीन आर्य पुरुषोनो अनुभव जे भाषाना गर्भमां व्यवस्थित थयो छे अने हजारो वर्षव्यतीत थया छतां टकी रह्यो छे, ते भाषानुं स्वरूप जाणवाने जिज्ञासु के मुमुक्षु वर्गने इच्छा थाय ए स्वाभाविक छे. भारतवर्षना आर्यरत्नोने वहन करनारी मुख्यत्वे बे भाषा छे, संस्कृत अने प्राकृत. अनुयोगद्वार-सूत्रमां कह्युं छे के "संखया पागया चेव पसत्था इसि-भासिया" षड्भाषाचंद्रिकाकार लक्ष्मीधर कहे छे के "भाषा द्विधा संस्कृता च प्राकृती चेति भेदतः" । संस्कृत भाषाना बे प्रकार छे, वैदिक संस्कृत अने लौकिक संस्कृत, अथवा प्राचीन संस्कृत अने अर्वाचीन संस्कृत. ऋग्वेदादिनी भाषा वैदिक अथवा प्राचीन संस्कृत अने भारत रामायणादिनी भाषा लौकिक संस्कृत अथवा अर्वाचीन संस्कृत छे. खासकरीने कौमार अने पाणिनीय आदि ए व्याकरणो रची भाषाने संस्कार पमाडी नियमबद्ध करी त्यारथी संस्कृतनाम प्रसिद्धिमां आव्युं होय अने वैदिकभाषाने ते विशेषण पाछलथी लगाडवामां आव्युं होय ए वधारे संभवित लागे छे अने ए रीते संस्कृत शब्दना अर्थनी बराबर उपपत्ति थाय छे. रूपक परिभाषामां कह्युं छे के—

भाषाना प्रकार.

संस्कृतभाषा

"कौमारपाणिनीयादि-संस्कृता संस्कृता मता" संस्कृत भाषा मुख्यत्वे साहित्यमांज वपराएली होवाथी तेमां विशेष फेरफार न थतां एक रूपे रही तेथी तेना अवांतर प्रकारो न

पड्या किन्तु वैदिक अने लौकिक ए ने भेदमांज अटकी रही. संस्कृत सह चारिणी बीजी भाषानुं नाम प्राकृत भाषाछे.

प्रकृतभाषा

प्राकृतशब्द 'प्रकृतिशब्दने तद्धित प्रत्यय अण् लगाडवाथी बन्यो छे. प्रकृतिशब्दनो अर्थ स्वभाव या निसर्ग थाय छे.तेथी प्राकृतशब्दनो शक्यार्थ स्वाभाविक अथवा नैसर्गिक थाय छे. शब्दार्थ प्रमाणे प्राकृत भाषानो अर्थ स्वाभाविक भाषा या नैसर्गिकभाषा थाय छे. अर्थात् जे भाषा ने काप कुप करी संस्कारित न बनावी होय किन्तु जे प्रमाणे साधारण लोकोमां बोलाती होय ते प्रमाणे जेनुं स्वरूप कायम रह्युं होय ते प्राकृतभाषा. प्राकृतशब्दनो साधारण अथवा असंस्कृत अर्थ पण कोषमां बताववामां आव्यो छे. आ उपरथी संस्कार पाम्या वगरनी साधारण लोकोनी बोलाती जे भाषा ते प्राकृत भाषा एवो फलितार्थ थाय छे. आ एक मत छे. आ मत प्रमाणे प्राकृतभाषा संस्कृतभाषा नी पुत्री नही पण माता छे अर्थात् प्राकृत भाषा संस्कृत मां थी जन्म पामी नथी पण संस्कृत भाषा (वैदिक भाषा शिवायनी अर्वाची न संस्कृत-भाषा) प्राकृत-भाषामांथी संस्कार पामी उत्पन्न थइ छे. उपर जणाव्या प्रमाणे संस्कृत नाम जो पाछल नुं होय तो वैदिक भाषा पण वेदना समय नी बोलाती भाषा होवी जोइए अने तेने 'संस्कृत ए विशेषण लगाडवा करतां प्राकृत ए विशेषण लगाडवुं वधारे उचित भासे छे, अर्थात् वेदनीभाषा ने प्राचीन संस्कृत कहेवा करतां प्राचीन प्राकृत कहीए तो वधारे बन्धबेसतुं थाय. तेथी अर्वाचीन प्राकृत नी माता पण होइ शके. आ बाबतमां युष्मत् शब्दना प्रथमा बहुवचननां रूपो आपणुं वधारे

ध्यान खेंचे छे. वैदिक युष्मे अने अस्मे रूपो प्राकृतनां तुम्हे अने अम्हे नी साथे गाढ सम्बन्ध दर्शावे छे ज्यारे संस्कृतनां यूयं अने वयं तद्दन अलग पडी जाय छे.

आ मतनी स्हामे एक बीजो मत उपस्थित थाय छे ते एम कहे छे के'' प्रकृतिः संस्कृतं तत्र भवं तत आगतं वा प्राकृतम्'' प्रकृति एटले संस्कृत, तेमां उत्पन्न थएल के तेमांथी उतरी आवेल ते प्राकृत. अर्थात् संस्कृत भाषामांज थोडो थोडो विकार थतां प्राकृत भाषा बनी आवो अर्थ करी प्राकृत भाषाने संस्कृतभाषानी पुत्री तरी के मानी तेना प्राकृतिक के नैसर्गिक अर्थने उडावी दे छे म्होटे भागे ब्राह्मण पंडित समाजमां आ मत वधारे प्रचलित छे; तेनुं कारण ते समाजनुं संस्कृत भाषा प्रत्येनुं मान छे. हिंदुधर्मनां घणाखरां पुस्तको संस्कृत भाषामां ज होवाथी तेमनी संस्कृत भाषा तरफ वधारे मानबुद्धि रहे ते स्वाभाविक छे।

मतान्तर

पण सवाल ए थाय छे के हेमचन्द्राचार्ये आ मतनो केम आदर कर्यो? तेणे पोताना व्याकरणमां प्राकृत भाषाने संस्कृत भाषामां थी उत्पन्न थएली मानी तेनुं शुं कारण? आ प्रश्ननो जवाब एम आपी शकाय के हेमचन्द्रना समय पहेलां केटलाक वखतथी जमानानुं वलण संस्कृत-भाषा तरफ वली चुक्युं हतुं. तेनी असर जैनसमाज उपर पण पुरे पुरी थइ हती. अत एव जैन आचार्योए सूत्र उपरनी टीकाओ बौद्धना धर्मघोषनी माफक मूल आगमनी भाषामां न लखतां संस्कृत भाषामां लखी. सूत्रो उपर भाष्य अने निर्युक्ति रचाइ त्यां सुधी प्राकृत भाषानो आदर रह्यो पण चूर्णि अने टीकाना समयमां वलण बदलायुं. हेमचंद्रना

समयमां अने त्यार पछी आजसुधी पण हजी ते वलणो केटलेक अंशे चालु छे. ए असरथीज हेमचंद्रे पोतानां सिद्धहेम व्याकरणमां मुख्य स्थान संस्कृत ने आप्युं. सात अध्यायो संस्कृत भाषा माटे अने एक ज अध्याय प्राकृत भाषा माटे रोकवामां आव्यो. जो हेमचंद्राचार्यने संस्कृत-भाषा जेटलुं प्राकृत भाषा माटे मान के वलण होत तो सामान्य प्राकृत अथवा आर्ष-प्राकृत नुं संस्कृतानुगत नहीं पण स्वतंत्र व्याकरण रच्या विना रहेत नहीं. संस्कृतनां पठन पाठने लोकोनुं वलण संस्कृत तरफ वाळ्युं हतुं. आनी असर एटले सुधी थइ के प्रकृतिशब्दनो अर्थ संस्कृत भाषा कोइ पण कोषमां न होवा छतां उक्त महाशयोए प्रकृति शब्दनो अर्थ संस्कृत स्वीकार्यो. एटलुं तो कहेवुं जोइए के प्रकृति शब्दना शक्यार्थ स्वभाव निसर्ग वगेरेने कोराणे मुकी लाक्षणिक अर्थ कल्पवो ए प्राकृत भाषा ने अन्याय आपवा बराबर छे. आवा करतां प्रकृति शब्द ने बदले संस्कृत भाषा वाची संस्कृत शब्द ज राख्यो होत अने तेने तद्धित प्रत्यय लगाडी 'संस्कृते भवं तत आगतं वा सांस्कृतं' एम संस्कृत शब्द बीजी भाषा माटे वापर्यो होत तो शुं खोटुं हतुं? प्रचलित प्राकृत शब्द ने नवीन संस्कृत शब्दमांथी बाद न करी शकाय तो प्रचलित प्रकृति शब्दना अर्थने नवीन कल्पित अर्थमांथी केम बाद करी शकाय ए विचार संस्कृत तरफना पक्षपातने दूर करी न्याय-बुद्धिथी करीए तोज प्राकृतशब्दने खरो इन्साफ आपी शकाय. प्राकृतभाषा संस्कृतमां थी उत्पन्न थएली छे एवो अभिप्राय बंधायानुं एक कारण ए छे के प्राकृत व्याकरण रचनाराओए

रहेलाइनी खातर संस्कृतशब्दो लइने तेनां प्राकृतरूपो बताव्या तेमां जे फेरफार जणायो तेज मात्र नियमोथी सिद्ध कर्या. बाकीने माटे संस्कृतवत्— कही संस्कृतनी भलामण आपी एटले प्राकृत व्याकरणने सदाय संस्कृत व्याकरणने आधीन रहेवुं पड्युं अने तेथी प्राकृत भाषा संस्कृतजन्य छे ए अभिप्राय वधारेने वधारे मजबूत थतो गयो. प्राकृत पाठमालामां पण तेज पद्धतिनुं अनुसरण कर्युं छे, ते एटलामाटे के भाषानुं ज्ञान मेलववा उपरांत व्याकरणोनी तुलना करवामां कोइने गुंचवण उभी न थाय. अर्द्धमागधी–आर्षभाषानुं व्याकरण के जे नवीन तैयार करवामां आव्युं छे, तेमां उक्त पद्धतिनुं अनुसरण न करतां प्राकृतभाषानी स्वतंत्रता बताववाने स्वतंत्रपणे प्राकृत रूपोनी सिद्धि करीछे।

लोकभाषा–प्राकृत भाषाने साहित्यमां स्थान मलवानो

प्राकृतभाषा ना प्रकार

युग महावीर स्वामी अने गौतम बुद्धना समयथी शरु थाय छे. बन्ने नी जन्मभूमि मगध देश अने मातृभाषा मागधी हती. परन्तु उपदेश भाषा महावीर स्वामिनी अर्द्धमागधी अने गौतमबुद्धनी पाली हती. अर्द्धमागधी मगध अने शूरसेन देशनी सरहद उपर ते वखते जे भाषा बोलाती तेनुं नाम अर्द्धमागधी, मगधदेशनो अर्द्धभाग ते भाषाए रोक्यो हतो माटे तेनुं नाम अर्द्धमागधी पड्युं होय ए ऐतिहासिक दृष्टिए ठीक लागे छे. केटलाक एवो अर्थ करे छे के अर्द्ध शब्दो मागधी भाषाना अने अर्द्ध शब्दो बीजी भाषाना मल्या तेथी तेनुं नाम अर्द्धमागधी, परन्तु जैन साहित्य तपासनां ते विभाग प्रमाणे शब्दो मली शकतां नथी. अलबत

आ हिसाब अकारान्तशब्दोना प्रथमाविभक्तिना एकवचन-मांज मात्र मेलववा बेसीए तो मली शके; केमके प्रथमाना एकवचनमां महाराष्ट्रीय अने शौरसेनी भाषामां ओकार थाय छे अने मागधी भाषामां एकार थाय छे.

जैन आगममां ओकार वाला प्रयोगो अने एकार वाला प्रयोगो लगभग अर्धा अर्ध होवानो संभव छे ते उपरथी प्राकृत नामनी घटना करीए तो थइ शके छे. "शौरसेन्या अदूरत्वादियमेवार्द्धमागधी" "राक्षसी श्रेष्ठिचेटानुकर्त्यादेरर्द्धमागधी" ए भरते कहेली अर्द्धमागधी ते मात्रनाटकमां ज वपराएली अर्द्धमागधी प्राकृत अर्द्धमागधी थी तद्दन भिन्न छे. ते तेना आ एक प्रयोग उपरथी समजी शकाशे. "अज्जवि णो शामिणीए हिलिम्बादेवीए पुत्त शद्दक अशोएण उवशमदि"

प्राकृत भाषानो बीजो विभाग पाली नामथी प्रसिद्धिमां

पाली भाषा

आव्यो. पालीशब्दनो मूल अर्थ पंक्ति श्रेणि इत्यादि थाय छे. बौद्ध साहित्यमां धर्मशास्त्रना कोई पण वचनो उद्धृत करती वखते के समजावती वखते आचार्यो ते वचन पंक्तिने माटे पाली शब्दनो प्रयोग करता हता, तेमज मूलग्रंथना अर्थमां पण ते शब्दनो उपयोग करता तेथी पाछलना समयमां ते धर्मशास्त्रोनी भाषा पाली नामे ओलखावा लागी. आनुं बीजुं नाम मागधी पण छे. ते नाम देशना नाम उपरथी पड्युं छे. एथी स्पष्ट थाय छे के ते भाषा मगधदेशमां बोलाती हती. नाटकोमां मागधी समान जे प्राकृतभाषा आवे छे. ते अर्द्धमागधी अने पालीथी तद्दन भिन्न छे तेमां र नो ल अने स नो श

थाय. छे जे उपरनी. ने भाषा मां नथी थतुं—जेम संस्कृत निर्झर-शब्द पाली अने अर्द्धमागधीमां निज्झर अने नाटकनी मागधीमां निज्झल थाय छे. आ भेदने लइने कोइ २ जैन साहित्यनी भाषा ने जैन मागधी, बौद्ध-साहित्यनी भाषा ने पाली मागधी अने नाटकनी मागधीने प्राकृत मागधी पण कहे छे. प्राकृत भाषाना आ साहित्य-प्रवेशयुगने मागधी युग कहीए तो ते खोटुं नथी कारण के मगधदेशमांज तेने प्राथमिक साहित्य स्थान प्राप्त थयुं छे. उपरनी त्रे प्राचीन भाषामांनी अर्द्धमागधी भाषानुं कोई खास व्याकरण उपलब्ध नथी. जो के चंडनुं प्राकृत लक्षण थोडेक अंशे ते भाषानो स्पर्श करे छे अने हेमचंद्रे कोई कोई स्थले पोताना प्राकृत व्याकरणमां आर्षभाषा तरीके तेनी नोंध लीधी छे. पण पूर्ण व्याकरण एके नथी. पाली भाषा ना त्रण व्याकरण मुख्य छे कच्चायन, मोग्गलायन अने सद्दनीति. कच्चायनने आधारे रूपसिद्धि, महानिरुत्ति, चूल-निरुत्ति, निरुत्तिपिटक तथा बालावतार वगेरे व्याकरणो रचायां छे. मोग्गलायनने आधारे पयोगसिद्धि, मोग्गल्लानवुत्ति, सुसद्दसिद्धि तथा पदसाधनी वगेरे ग्रंथो रचाया छे अने सद्दनीतिने आधारे एक चुल्लसद्दनीति नामे ग्रंथ रचायो छे. आ बधामां कच्चायन प्राचीन छे. तथापि तेना करतां रूप-सिद्धि मोग्गल्लानवुत्ति, पदसाधनी तथा पयोगसिद्धि वधारे उपयोगी छे. सद्दनीति ए पूर्वोक्त बधा करतां श्रेष्ठ छे. रूप-सिद्धि व्याकरण म्होटुं नही तेम न्हानुं नही छतां बधा विषयोनो तेमां समावेश करवामां आव्यो छे एटले विशेष उपयोगी छे एम कहेवाय छे. के कच्चायन बुद्धना समकालीन

हता अने ते कच्चायन थेरे कच्चायन व्याकरण रच्युं. तेना उप-र घणी टीकाओ अनुटीकाओ थई छे. रूपसिद्धि अने बालावतार बन्ने कच्चायनना सूत्रो लईने रचाया छे. बालावतार सिंहलमां साधारण रीते प्रचलित छे.

पाली भाषामां बौद्धना हीनयानपंथनां महावंश जातको वगेरे धर्म पुस्तको उपरांत अशोकना शिलालेखो लखाया छे. हिमालय थी विंध्य अने सिंधुना किनाराथी गंगाना मुखसुधी अशोकना समयमां प्राये आ भाषा बोलाती हती एम शिलालेखो उपरथी साबित थाय छे. इ. स. पूर्व त्रीजीशताब्दीथी मांडीने इ. स. नी चोथी शताब्दीसुधीना शिलालेखो घणे भागे उपर कहेल भाषामां छे।

शिलालेखो

अर्द्धमागधी अने पाली साहित्य रचना पछी प्राकृतना मध्य युग नो प्रारम्भ थाय छे. आ मध्य युगमां महाराष्ट्री, शौरसेनी, मागधी, पैशाची, अपभ्रंश वगेरे भाषाओ प्रादुर्भाव पामे छे. जे भाषा बोलाती न होय किन्तु केवल साहित्यमां वपराती होय ते भाषा मांथी बीजी भाषा न जन्मे अर्थात् तेनुं परिवर्त्तन न थतां एक ने एक रूप रहे एटले अवान्तर प्रकारो न थाय तेमज जे भाषा बोलाती होय पण साहित्य-बद्ध थई न होय तेमां परिवर्तन थाय छतां अवान्तर प्रकारो न थाय कारण के परिवर्त्तन वखते पूर्व रूपो नष्ट थयां होय छे एटले जूनी भाषा नो लोप अने नवी भाषा नी उत्पत्ति थाय छे. जे भाषा बोलाती होय अने साहित्यबद्ध थई होय तेना अवान्तर प्रकारो संभवे. कालना प्रवाह साथे बोलाती भाषानुं कालभेदे अने देशभेदे परिवर्त्तन थतां तेमां नवीनता आवे छे

मध्यप्राकृतयुग

अने साहित्यमां एने ए रूपे रहे छे. वधारे फेरफार थतां बोलाती भाषा साहित्यनी भाषाथी जुदी पडे छे. आ नियम प्रमाणे बोलाती प्राकृत भाषा साहित्य निबद्ध थया पछी तेना प्रकारो पडवा मांड्यां अने जुदां जुदां नामो धारण करवा मांड्यां.

महाराष्ट्री

मध्यमयुगनी प्राकृतभाषामां महाराष्ट्री प्राकृत मुख्य छे. शौरसेनी वगेरे बीजी प्राकृत भाषा करतां आ वधारे प्रसिद्धिमां आवी, ते एटले सुधी के बीजी भाषाओ ज्यारे पोत पोताना विशेषणोथी ओलखावां लागी। जेम शौरसेनीप्राकृत मागधीप्राकृत इत्यादि, त्यारे महाराष्ट्री प्राकृत महाराष्ट्री विशेषण विना शुद्ध प्राकृत शब्दथी ओलखावा लगी. काव्यादर्श--१-३५ मां दंडी कहे छे के "महाराष्ट्राश्रयां भाषां प्रकृष्टं प्राकृतंविदुः" आजसुधी पण प्राकृत भाषा तरीके महाराष्ट्री प्राकृतनोज व्यवहार थाय छे प्राकृत व्याकरणकारोए मुख्यपणे महाराष्ट्री प्राकृत भाषानाज नियमो रच्या छे. शौरसेनी आदि बीजी भाषाओना सामान्य नियमो माटे महाराष्ट्री प्राकृत भाषानी भलामण आपी छे. बीजी भाषाओना मात्र विशेष नियमोज बताव्या छे.महाराष्ट्री प्राकृतनीज सामान्य भाषा तरीके गणना करी छे. महाराष्ट्री भाषा पण अर्द्धमागधी अने पाली भाषानी पेठे बोलाती अने साहित्यनी भाषा हती. मध्ययुगमां गोदावरीना विशाल प्रदेश उपर महाराष्ट्र देशमां ते भाषा बोलाती हती. अकारान्त नामने छेडे प्रथमा एकवचनमां एकार नही पण ओकारज आवे ए महाराष्ट्रीनुं खास लक्षण छे अने तेथीज ते अर्द्धमागधीथी जुदी पडे छे. बे स्वर वचे

आवता असंयुक्तव्यंजनोनो लोप करवामां बीजी बधी भाषाओ करतां आ भाषा आगल वधेली छे. अर्द्धमागधी अने पालीमां नकारनो णकार विकल्पे थतो ते महाराष्ट्रीमां नित्य थयो एटले नकारनो सर्वथा अभाव थयो. अर्वाचीन मराठी भाषा आ भाषा उपर थी उतरी होय एम संभवे छे. महाराष्ट्री प्राकृतमां रचायलां काव्यो महाराष्ट्रीनी बहार पण घणा वखणाता हता. सेतुबंधकाव्य गउडवहोकाव्य वगेरे महाराष्ट्री प्राकृतमां रचाएलां छे. कालिदास आदिना संस्कृत नाटकोमां पण महाराष्ट्रीनो उपयोग थयो छे. ते नाटकोमां स्त्रीपात्रो शौरसेनी प्राकृत बोले छे छतां तेमनां गीतो महाराष्ट्री प्राकृतमां होय छे.

जैनमहाराष्ट्री

महाराष्ट्री प्राकृतनो ब्राह्मण ग्रन्थकारो करतां जैनश्वेताम्बर ग्रन्थकारोए वधारे आश्रय लीधो छे. सुरसुन्दरीचरिय, पउमचरिय, कुमारपालचरिय, कुमारपालप्रबन्ध, समराइच्चकहा, सुपासनाहचरिय वगेरे अनेक ग्रन्थो महाराष्ट्री प्राकृतमां रचाया छे, पण आ ग्रंन्थोनी भाषामां जैन आगमनी भाषानी छाया पड्या विना रही नथी—एटले के अर्द्धमागधी नी माफक नकारनो क्वचित् णकार अने क्वचित् नकारनो नकारज राख्यो छे के जे महाराष्ट्री प्राकृत ने संमत नथी, उद्वृत्त अकारनी यकार श्रुति पण महाराष्ट्री प्राकृतमां नथी छतां उपरना जैन ग्रंथोमां यकारश्रुति छे. आ बाबत वररुचि अने हेमचन्द्रना व्याकरणनी तुलनामां स्पष्ट पणे दर्शावी छे. खास करीने आ बे बाबतमां जैनमहाराष्ट्रीप्राकृत महाराष्ट्रीप्राकृतथी जुदी पडे छे.

" शूरसेनोद्भवा भाषा शौरसेनीति गीयते "

शौरसेनी — मध्ययुगनी महाराष्ट्री समकालीन बीजी प्राकृत भाषा शौरसेनीना नामथी प्रसिद्ध थइ हती. मथुरानी आसपासना प्रदेशो जे शूरसेन नामथी ओलखाता,ते प्रदेशमां आ भाषा बोलाती. शूरसेनप्रदेशना नाम उपरथी भाषानुं नाम शौरसेनी पड्युं. दिगम्बरीओनुं धर्मसाहित्य शौरसेनी भाषामां रचायुं छे. कालीदासना संस्कृतनाटकोमां विदूषको तथा स्त्रीपात्रो आ भाषा बोले छे. राजशेखरकविनी कर्पूरमंजरी नाटिकामां तो खुद राजा पण आ प्राकृत बोले छे.

" मगधोत्पन्नभाषां तां मागधीं संप्रचक्षते "

मागधी — पूर्व तरफना प्रदेशोनी भाषा मागधी प्राकृत हती. पूर्वोक्त पाली अने अर्द्धमागधीथी आ मागधी भिन्न छे. आ मागधी कोई धर्मसाहित्यमां निबद्ध थएली नही पण संस्कृत नाटकना हलका पात्रोमां बोलाती भाषा छे. र नो ल, स नो श अने प्रथमाना एक वचनमां अकारान्त नामने छेडे आवतो एकार आ भाषानां खास लक्षणो छे. मागधी प्राकृतमां दकार कायम रहे छे अने ज ने स्थाने य थाय छे. मृच्छकटिकमां शकार जे भाषा बोले छे ते शुद्ध मागधी छे. मागधीनुं मूल शौरसेनी छे. एटले तेमां शौरसेनी शब्दो तो आवे छे, परन्तु ते उपरांत केटलेक स्थले महाराष्ट्री शब्दो पण आवे छे. अभिज्ञानशकुंतलामां रक्षिपुरुष तथा धीवरनी भाषा मागधी छे. वेणीसंहार तथा उदात्तराघवमांना राक्षसनी भाषा पण मागधी छे. मुद्राराक्षस वगेरेमां पण एनो उपयोग थयो छे.

' पिशाचदेशनियतं पैशाचीद्वितयं भवेत्' मध्ययुगनी चोथी भाषा पैशाची छे. पाण्ड्य आदि देशो पिशाचना नामथी प्रसिद्ध छे. ते आ प्रमाणे—

पैशाची

पाण्ड्यकेकयवाह्लीक-सिंहनेपालकुन्तलाः ।
सुदेष्णचोलगान्धार-हैवकन्नोजनास्तथा ॥
एते पिशाचदेशाः स्यु-स्तद्देश्यस्तद्गुणो भवेत् ॥

आ देशोमां बोलाती भाषानी पैशाची संज्ञा छे. आ भाषामां पण साहित्य रचना थई हती. गुणाढ्यकविनी बृहत्कथा पैशाची भाषामां रचाइ हती. बृहत्कथा आजे लुप्त थइ छे तथापि तेनो सार लई क्षेमेन्द्रकविए बृहत्कथामंजरी रूपे तेनो संस्कृत अनुवाद कर्यो,ते विद्यमान छे.ते पण संक्षिप्त होवाथी सोमदेवभट्टे तेनो बीजीवार अनुवाद करी विस्तारथी कथासरित्सागरनामा ग्रंथनी रचना करी जे हाल मोजुद छे. महाराष्ट्रीमां नकारनो सर्वत्र णकार थइ गयो हतो तेथी विपरीत णकारनो नकार आ भाषामां पुनरुज्जीवित थयो. गुजराती भाषामां ल ने स्थाने ळ वपराय छे ते पैशाचीमांथी आव्यो होय एम जणाय छे.

चूलिका पैशाची

मध्ययुगनी पांचमी भाषा चूलिका पैशाची छे. वर्गना त्रीजा अक्षरने स्थाने प्रथमाक्षर अने चोथा अक्षरने स्थाने द्वितीयाक्षर बनाववामां आ भाषा पैशाचीथी जुदी पडे छे. बीजी बधी बाबतमां पैशाचीने मलती आवे छे.एटलामाटे वररुचि आदि केटलाक व्याकरणकारोए आने पैशाचीमां अन्तर्गत करी तेने जुदी गणत्रीमां नथी लीधी अने तेना खास नियमो जुदा दर्शाव्या नथी. आभाषानुं साहित्य पण हाल उपलब्ध जणातुं नथी.

आभीरादिगिरः काव्येष्वपभ्रंशा इति स्मृताः ।
शास्त्रेषु संस्कृतादन्यदपभ्रंशतयोदितमिति ॥ दण्डी .

मध्ययुगनी छठी, भाषा अपभ्रंश छे. संस्कृत नाटकमां आहिर आदिनी भाषा अपभ्रंश छे. दंडिना मत प्रमाणे संस्कृत शिवायनी बधी भाषाओ अपभ्रंश छे. पण ते व्याजबी नथी. संस्कृतनी माफक बीजी भाषाओमां पण साहित्यरचना थइ छे. व्याकरणो पण थयां छे. खास जुदां २ नामो धारण कर्यां छे. ते बधी भाषाओने अपभ्रंश केम कही शकाय ? अपभ्रंश भाषा ए प्राकृत भाषा नो अवान्तर विभाग छे. एटलुं खरुं के बोलाती भाषामां विकार थवानो वधारे संभव छे. तेथी ते साहित्य शृंखलाथी जुदी पडीने अपभ्रंश नाम धारण करी जुदी भाषा तरीके ओलखाइ होय अने तेथी अर्वाचीनयुगनी अपभ्रंशना अनेक भेद थया होय ते संभवित छे. तथापि मध्यमयुगनी अपभ्रंश भाषा के जेने व्याकरणकारो ए छठी भाषा तरीके नियमबद्ध करेली छे. ते एकज प्रकारनी छे. तेमां साहित्यरचना पण थई छे. मार्कंडेयना व्याकरणमां नागर, व्राचड अने उपनागर एम त्रण भेद अपभ्रंशना जणाव्या छे. ते पण मुख्य त्रण भेद; अवांतरभेदतो जेटला देश तेटला छे. पण आ भेदो अर्वाचीन युगनी अपभ्रंशना होय एम जणाय छे.

अपभ्रंशभाषा

प्राकृत व्याकरणो.

उपर कहेल मध्यम युगनी छ भाषाओ उपर अनेक व्याकरणो थयां छे. तेमां सौथी प्राचीन चंडनुं प्राकृतलक्षण नामनुं व्याकरण छे.

नुं प्राकृत लक्षण

ते खास करीने प्राचीन युगनी सामान्य प्राकृतभाषानुं व्याकरण छे. प्राकृत भाषाना अवान्तर भेदो पड्या नहोता ते वखतनुं ते व्याकरण होवुं जोइए. ते अमिश्रित रह्युं नथी.पाछलना सुधारकोए ते व्याकरणने महाराष्ट्रीप्राकृतनुं व्याकरण बनाववाने केटलोक उमेरो कर्यो छे. डो. होर्नले चंडना मूलसूत्रो अने पाछलथी उमेरायला सूत्रोनुं केटलीक जुनी प्रतो मेलवी, मुकाबलो करी पृथक्करण कर्युं छे. इ० सन् १८८० मां कलकत्तामां छपायेल पुस्तकमां बंनेनुं पृथक्करण दर्शाव्युं छे.

चंडना व्याकरण पछी मध्ययुगनी प्राकृत भाषाओ उपर सौथी पहेलुं वररुचि नुं प्राकृत प्रकाश नामे व्याकरण छे. तेमां वररुचिए सूत्रो रच्यां छे अने भामहे तेना उपर वृत्ति बनावी छे. वररुचिना प्राकृत प्रकाशमां चार भाषाओज आवे छे,उपर कहेल छ भाषाओ पैकी चूलिका पैशाची अने अपभ्रंश ए बे भाषा तेमां नथी गणावी.ते उपरथी एम जणाय छे के तेना समयमां पैशाचीथी चूलिका पैशाची जुदी नहि पडी होय अने अपभ्रंश ने स्वतंत्र भाषा तरीके गणवामां नही आवी होय.

वररुचिनो प्राकृत प्रकाश

त्यार पछी हेमचंद्राचार्यनुं सिद्धहेम व्याकरण उपस्थित थाय छे. तेमां सात अध्यायोमां संस्कृत व्याकरण अने आठमा अध्यायना चार पादोमां प्राकृत भाषानुं व्याकरण छे. हेमचंद्रे उपर कहेल छए भाषाओनो समावेश कर्यो छे. हेमचंद्रनो समय बारमी शताब्दी छे. ते पहेलां छए भाषाओ प्रगट थई चुकी हती

हेमचंद्रनुं सिद्धहेम

एम जणाय छे. हेमचंद्रे सूत्रो अने वृत्ति बन्ने पोतेज बनाव्या छे. जैनोने तो ते माननीय छे पण जैनेतरोए पण तेनो सत्कार कर्यो छे. वररुचिना व्याकरणमांनी प्राकृत भाषा ज्यारे शुद्ध महाराष्ट्री प्राकृत छे, त्यारे हेमचंद्रनी प्राकृत भाषा कइंक जैन आगमनी छाया मिश्रित थवाथी जैन महाराष्ट्री प्राकृत कही शकाय.

त्रिविक्रमनुं प्रा० व्या०

हेमचंद्राचार्य पछी त्रिविक्रमनुं प्राकृत व्याकरण आवे छे. त्रिविक्रम दिगंबर जैन छे. तेणे सूत्रो अने तेनी वृत्ति बन्ने बनाव्या छे. षड्भाषाचंद्रिकाकार लक्ष्मीधर कहे छे के त्रिविक्रमे वृत्तिज बनावी छे, सूत्रो वाल्मिकीनां छे. आना माटे बे मत छे. केटलाक कहे छे के सूत्रो पण त्रिविक्रमनां छे अने केटलांक वाल्मिकीनां कहे छे. प्रो० कमलाशंकर त्रिवेदी कहे छे के आ वाल्मिकी रामायणना कर्ता नही पण ए बीजा छे. आ व्याकरणमां पण पूर्वोक्त छए भाषानो समावेश करवामां आव्यो छे, भाषाओनो क्रम पण हेमचंद्रनी माफक ज छे. त्रिविक्रमे सूत्रोनो अनुक्रम पाणिनीयनी अष्टाध्यायी उपर काशिकावृत्तिनी माफक जालवी राख्यो छे. त्रिविक्रमनो समय बारमी अने पंदरमी शताब्दी वच्चेनो छे, केमके हेमचंद्रना ग्रन्थनो त्रिविक्रमे उल्लेख कर्यो छे. अने त्रिविक्रमना ग्रंथनो कुमारस्वामिए रत्नायणमां उल्लेख कर्यो छे, हेमचंद्रनो समय बारमी सदी अने कुमारस्वामीनो समय सोलमी सदी छे ए बेनी वच्चे त्रिविक्रनो समय छे.

षड्भाषा चंद्रिका

जे सूत्रो पर त्रिविक्रमे वृत्ति करी छे तेज सूत्रो उपर लक्ष्मीधरे वृत्ति करी छे तेनुं नाम छे षड्भाषाचंद्रिका. लक्ष्मीधरे सूत्रोनो अनुक्रम

जालव्यो नथी पण भट्टोजी-दीक्षिते सिद्धांत-कौमुदीमां जेम पाणिनीयना सूत्रोनो क्रम फेरव्यो छे तेम लक्ष्मीधरे पण फेरव्यो छे. आ वृत्ति घणी विस्तृत छे. नामनां रूपो अने धातुनां रूपो हेमचंद्र करतां घणा वधारे आप्यां छे. देशी शब्दोनो पण तेमां समावेश कर्यो छे. लक्ष्मीधरनो समय त्रिविक्रम पछीनो छे, कारणके षड्भाषाचंद्रिकामां लक्ष्मीधरे त्रिविक्रमनो उल्लेख कर्यो छे.

प्राकृत रूपावतार

लक्ष्मीधरनी माफक सिंहराजे उक्त सूत्रो उपर वृत्ति रची छे. तेनुं नाम प्राकृत रूपावतार छे. सूत्रोनो अनुक्रम षड्भाषाचंद्रिकानी माफक छे. षड्भाषाचंद्रिका जेवी विस्तारवाली आ वृत्ति नथी पण संक्षिप्त छे, तथापि तेमां रूपाख्याननी बाबतमां खास न्यूनता रही जती नथी. सिंहराजे जरूरीआत पुरतां सूत्रोनी योजना करी छे. केटलांक सूत्रो छोडी दीधां छे. इ. हल्त्श (E. Hultzsca) आ पुस्तक सन् १९०९मां कलकत्ता-एशियाटीक-सोसायटी तरफथी प्रकाशित कर्युं छे. तेमां दरेक सूत्रनी स्हामे हेमचंद्रना सूत्रनी सरखामणी करी तेना सूत्रोनां अंको पण आप्या छे. विद्यार्थीने माटे आ व्याकरण घणुं सगवडवालुं छे. आ व्याकरणमां युष्मद् अस्मद् वगेरे शब्दोनां रूपो बीजां व्याकरणो करतां घणां वधारे आप्या छे, तेमां केटलेक स्थले रूपोमां कृत्रिमता जणाइ आवे छे.

आ उपरांत अप्पय-दीक्षित रचित प्राकृत मणिदीप, हृषीकेश कृत प्रा० व्या० प्राकृतमंजरी के जे वररुचिना सूत्रो उपर पद्यमयवृत्ति छे. ते मुद्रित छे तथा केटलाएक अमुद्रित छे. प्राकृतमणिदीप अने प्राकृतमंजरी केवल महाराष्ट्री प्रा.

कृत भाषानांज व्याकरण छे. डोक्टर ओफ्रेस्टना केटेलोगस् केटेलोगोरममां षड्भाषाना नामे बीजा त्रण ग्रंथो गणाव्या छे.

१ षड्भाषा चन्द्रिका—भामह-कविकृत.

२ षड्भाषामंजरी.

३ षड्भाषासुवंतादर्श.

प्रोफेसर एस. आर. भंडारकर संस्कृत हस्तलिखित ग्रंथोनी शोधमां नीकल्या ते वखतनी बीजी मुसाफरीना हेवालमां षड्भाषा विचार नामनो ग्रंथ होवानुं जणावे छे अने तेमां संस्कृत सहित बीजी पांच भाषानो विचार छे.

लक्ष्मीधर दुर्गणाचार्यकृत षड्भाषारूपमालिका नामनुं पुस्तक होवानुं जणावे छे.

आ शिवाय शेषकृष्ण रचित प्राकृतचंद्रिका नामे पुस्तक छे तेमां अपभ्रंश शिवाय पांच भाषानो विचार कर्यो छे. छठी अपभ्रंश भाषानुं सूचन कर्युं छे. पण वधारे विचार नथी कर्यो कारण के जुदा जुदा घणा देशोनी ते भाषा छे.

आ बधां व्याकरणो करतां वधारे भाषाओनो विचार मार्कंडेयना प्राकृतसर्वस्वमां छे. तेमां एकंदर सोल भाषाओनो संग्रह छे. ते आ प्रमाणे—

तच्च भाषाविभाषाप-भ्रंशपैशाचभेदतः,
चतुर्विधं तत्र भाषा विभाषाः पञ्चधा पृथक् ।
अपभ्रंशास्त्रयस्तिस्रः पैशाच्यश्चेति षोडश ॥ १ ॥
महाराष्ट्री शौरसेनी प्राच्यावन्ती च मागधी ।
इति पञ्चविधा भाषा युक्ता न पुनरष्टधा ॥ २ ॥
शाकारी चैव चाण्डाली शाबर्याभीरिका तथा ।
टाक्कीति युक्ताः पञ्चैव विभाषा न तु षड्विधाः ॥ ३ ॥

नागरो व्राचडश्चोप- नागरश्चेति ते त्रयः ।
अपभ्रंशाः परे सूक्ष्म-भेदत्वान्न पृथङ्मताः ॥ ४ ॥
कैकेयं शौरसेनं च पाञ्चालमिति च त्रिधा ।
पैशाच्यो नागरा यस्मात्तेनाप्यन्या न लक्षिताः ॥ ५ ॥
इति षोडशधा भाषा मया प्रोक्ता प्रयत्नतः ।

परंतु आ सोळ भाषा त्रीजा अर्वाचीन युगना मिश्रण थी बने छे. प्राकृत पाठमालामां मात्र मध्यमयुगनी भाषा-ओनो विचार करवामां आव्यो छे।

पाठमालानी रचना

प्राकृत पाठमालानी रचना करवामां उपर जणावेल व्याकरणो पैकी नीचेनां व्याकरणोनी सहाय लेवामां आवी छे—

१ चंडनुं प्राकृतलक्षण. २ वररुचिकृत प्राकृतप्रकाश. ३ हेमचंद्रना सिद्धहेमनो आठमो अध्याय. ४ लक्ष्मीधरनी षड्भाषाचन्द्रिका. ५ सिंहराजनुं प्राकृतरूपावतार. खास करी ने हेमचंद्रना प्राकृत व्याकरण नुं वधारे अनुसरण कर्युं छे. जे रूप षड्भाषाचंद्रिका के प्राकृतरूपावतारनुं वधारे शुद्ध लाग्युं ते तेमांथी लीधुं छे. ज्यां २ ठेकाणे क्यां २ व्याकरणो जुदां पडे छे तेनो मुकाबलो दरेक पाठमां करी तफावत तुलनामां दर्शाव्यो छे. सरखामणीमां चंडना प्राकृत लक्षणनो पण उपयोग कर्यो छे. वररुचिना प्राकृत प्रकाशमांथी पाठमालामां कंई लेवामां आव्युं नथी पण हेमचंद्रादि करतां तेमां केटली न्यूनता छे अने तेना करतां हेमचंद्रादिमां केटलो वधारो थयो छे तेनी मात्र सरखामणी करी छे. पाठमालामां भाषाओनो क्रम व्याकरणमां दर्शावेल भाषाओना क्रम प्रमाणेज राखवामां आव्यो छे.

छ भाषामां मुख्य भाषा महाराष्ट्री प्राकृत, ते पण जैनमहाराष्ट्री प्राकृत ने अनुसार रूपो आपवामां आव्यां छे. पाठमालामां प्रथम प्राकृत भाषाना सामान्य नियमो उदाहरण सहित योजी सामान्य नियमावलि आपवामां आवी छे. त्यार पछी २१ पाठोमां प्राकृत नाम अने धातुनां रूपाख्यानोनी सिद्धि दर्शावी छे.

पाठोना क्रमनी योजना

ते पण विद्यार्थिनुं मगज कंटाळी न जाय अने धीमे २ कठण प्रयोगो सरल थता स्हेलाइथी समजी शकाय तेवो उद्देश ध्यानमां राखी एक पछी एक एम च्हडते क्रमे योजवामां आव्या छे. एक पाठ नामनो अने एक पाठ धातुनो एम वाराफरती नाम अने धातुनो विचार करवामां आव्यो छे. जेमके पहेला बोधपाठमां अकारान्त तथा आकारान्त पुलिंग नामो; बोधपाठ ३ जा मां इकारान्त, ईकारान्त, उकारान्त तथा ऊकारान्त पुल्लिगनां नामो, बोधपाठ पांचमामां अकारान्त, इकारान्त तथा उकारान्त नपुंसकलिंगनां नामो; बोधपाठ ७ मा मां आकारान्त, इकारान्त, ईकारान्त, उकारान्त, ऊकारान्त स्त्रीलिंग नामो; बोधपाठ ९ मा मां ऋकारान्त त्रणे लिंगनां नामो;बोधपाठ ११ मा मां अन्नन्त त्रणे लिंगनां नामो; बोधपाठ १३ मामां अकारान्त सर्वनामो; बोधपाठ १५ मामां एतद्, इदम् तथा अदस् सर्वनामो; बोधपाठ १७ मामां संख्यावाचक शब्दो;बोधपाठ १९ मामां युष्मद् तथा अस्मद् सर्वनामोनां रूपो अने बोधपाठ २१ मामां लिंगपरिवर्त्तन अने अव्ययो दर्शाववामां आव्यां छे. बोधपाठ बीजामां अकारान्त धातुओनो वर्तमानकाल;बोध-

पाठ ४ थामां अकारान्त शिवाय स्वरान्त धातुओनो वर्तमानकाल; बोधपाठ ६ ठामां प्रेरकभेद तथा उपसर्गो ;बोधपाठ ८ मामां आज्ञार्थ तथा विध्यर्थ काल; बोधपाठ १० मामां केटलांक कृदन्तो; बोधपाठ १२ मामां भावकर्म;बोधपाठ १४ मामां भूतकाल तथा कर्मणि भूतकृदंत; बोधपाठ १६ मामां भविष्यकाल; बोधपाठ १८ मामां सर्वकालना साधारण प्रत्ययो; बोधपाठ २० मामां तद्धित अने बोधपाठ २२ मामां कारकसमासादि अवशिष्टविधिनो विचार दर्शाववामां आव्यो छे. प्राकृत भाषामां देश्यशब्दोनो पण समावेश थाय छे तेथी केटलाएक बोधपाठोमां देश्यशब्दो अने देश्य क्रियापदो बतावबामां आव्या छे. आ बधा बोधपाठोथी मलेलुं ज्ञान अपूर्ण रही न जाय ए हेतुथी २२ मा पाठमां एक गद्यकथा योजवामां आवी छे. के जेना वांचनथी शीखेला नियमो ताजा थई बरावर उपस्थित रहे. त्यारबाद विशेष नियम सिद्ध प्राकृत नामना विशेष आदेशो आप्या छे. त्यारपछी केटलाएक धातु ने विशेष आदेशो थाय छे. ते दर्शाव्या छे. आंहिसुधीमां प्राकृत भाषाना नियमो समाप्त थाय छे. त्यारपछी परिशिष्ट तरीके बीजी पांच भाषाओना छ पाठो गोठव्या छे. तेनां पहेला पाठमां शौरसेनी भाषाना खास नियमो उदाहरण सहित दर्शाव्या छे. तेमज बोधपाठ २ जामां मागधी भाषा,बोधपाठ ३ जामां पैशाची अने चूलिका पैशाची, बोधपाठ-४-५-६ मां अपभ्रंश भाषाना खास नियमो बताव्या छे. उक्त छ पाठोमां नवीन वाक्यो ने बदले कुमारपाल- चरियमांनी ते ते भाषा ने लगती गाथाओ लई योजवामां आवी छे. ।

एकंदर २८ बोधपाठो छए भाषाना छे. दरेक बोधपाठ

शब्दकोष

मां आवी गयेला शब्दोनो तथा गाथा अने कथा मां आवेला कठिण शब्दोनो समावेश शब्दकोषमां करवामां आव्यो छे. तेनी साथे अव्ययो तथा धातुओनो पण संग्रह करवामां आव्यो छे. कोई २ ठेकाणे आगला बोधपाठमां आवी गयेल शब्दोनुं विद्यार्थिने विस्मरण थवानो संभव होवाथी वाक्यरचनामां मुश्केली थाय अने शब्द शोधवामां कालक्षेप थाय-ते न थवा पामे एटला माटे ते शब्दो छेवटना शब्दकोषमां गोठववामां आव्या छे. आथी विद्यार्थिने जल्दी शब्दार्थनी उपस्थिति थता ते झडपथी वाक्ययोजना करी शके

प्रथम २० पाठमां विद्यार्थिने प्राकृत भाषानो गुजराती

वाक्य रचना

अनुवाद अने गुजराती भाषानो प्राकृत अनुवाद करतां आवडे एटला माटे बंने भाषानां वाक्यो नवां तैयार करी योज्यां छे ते ते बोधपाठमां आवेला नियमने अनुसरीनेज वाक्य रचना करवानी होवाथी संपूर्ण स्वतंत्रताने अभावे साहित्य ग्रंथ जेवी सर्वांगसुंदरता वाक्य रचनामां नहीं आवी शकी होय एटलुंज नही. पण कोई ठेकाणे वाक्योमां कृत्रिमता पण कदाच प्रतीत थशे, पण तेना माटे अन्य उपाय न होवाथी ते चलावी लीधा विना छुटको नथी. पाछलना छ बोधपाठोमां तो हेमचंद्रना कुमारपाल चरित्रमांथी तैयार पद्यो लेवामां आव्या छे अने ते स्वतंत्रपणे रचाएलां छे एटले तेमां उपरनो सवाल उपस्थित थतो ज नथी.

दरेक बोधपाठमां आपवामां आवेलां वाक्यो बनी

प्रा० गु० अनुवाद

शके तेटलां सरल बनाव्यां छे छतां शरुआतना विद्यार्थिने कदाच कठिण लागे के न समजाय तेथी तेनी सरलता माटे द्रेक पाठनां प्राकृत वाक्योनो गुजराती अनुवाद अने गुजराती वाक्योनो प्राकृत अनुवाद करी आपवामां आव्यो छे अने ते पाठमां न योजतां अलायदुं पुस्तकने छेडे राख्युं छे. ते एटलामाटे के विद्यार्थी पोतानी बुद्धिथी बनी शके तेटलो अनुवाद करी ले अने ते आपेला अनुवाद साथे सरखावी ले. जे भाग न समजाय तेज तेमां जोइने नक्की करी ले.आ स्थले विद्यार्थिने एटली सूचना आपवी योग्य धारीए छीए के वाक्योनुं भाषांतर करती वखते एकदम पुस्तकमां आपेल भाषांतर तरफ नजर न दोडावतां पोतानी जाते भाषांतर करीने पछीज आपेला भाषांतर साथे सरखामणी करी शुद्ध अशुद्ध तपासी लेवुं.

उपसंहार

आ पाठमाला आजथी चौद वर्ष पहेलां प्राकृतमार्गोपदेशिका रूपे कच्छ मांडवीमां तैयार करवामां आवी हती दरम्यान पंडित बेचरदास जीवराज तरफथी एक प्राकृत मार्गोपदेशिका छपाई व्हार पडी एटले आ मार्गोपदेशिका एमने एम राखी मुकवामां आवी. त्यारपछी संवत् १९८० नी सालमां बीकानेरना शेठ अगरचंदजी भेरोदानजीने ते कोपी बतावबामां आवतां तेमणे ते पुस्तकने छए भाषानी पाठमाला तरीके योजी आपवानी प्रेरणा करी तेथी उक्त मार्गोपदेशिकाने प्राकृत- पाठमालारूपे फेरवी घणा सुधारा वधारा साथे तैयार करी छे आज काल संस्कृतभाषानी पेटे प्राकृतभाषा युनिवर्सिटीमां दाखल थई छे. पण संस्कृत

करतां तेनुं साहित्य ओछुं होवाथी ते भापाना विद्यार्थिओ पूरो लाभ लई शक्ता नथी अने तेथी जैनधर्मना प्राचीन तत्त्वोना अभ्यासथी तेओ वंचित रहे छे. आ पाठमाला लोक भाषामां एटलामाटे तैयार करी छे के संस्कृत जाणनारा तेमज न जाणनारा पण तेनो लाभ लई शके. अंते पाठकवर्गने एटली भलामण आपवी उचित छे के आ पाठमाला थी पुरातनी भाषाओनो अभ्यास करी आने लगती अर्द्धमागधी भाषामां रचाएल जैन आगमना तत्त्वोनुं दोहन करी पोताना आत्माने अने समाजने तेनो लाभ आपे. सुज्ञेषु किं बहुना?

सं. १९८१ फाल्गुनवदी-१ मुनि रत्नचन्द्र.

तुलना.

सामान्य नियमावलि—

प्राकृतप्रकाशमां स्वरथी पर अनादि असंयुक्त न ना नित्य अने आदि असंयुक्त न ना विकल्प णने बदले सर्वत्र न नो ण कर्यो छे. वररुचि प्रमाणे प्राकृतमां न ने स्थानज नथी. क्, ग्, च्, ज् इत्यादिनो लोप थतां शेष (अवशिष्ट) रहेता अवर्णनो अवर्णथी पर होयतो लघुप्रयत्नवालो य थाय छे ए नियमनो वररुचिना प्राकृतप्रकाशमां अभाव जणाय छे. ए उपरथी सिद्ध थाय छे के जैन महाराष्ट्री प्राकृतमां आवा प्रयोगो रूढ थयेला होवाथी हेमचंद्रे पोताना व्याकरणमां आ नियमो दाखल कर्या हशे. उपरि लोपः कगडतदपषसाम् ॥३।१। ए सूत्रमां ट्, श्, क् (जिह्वामूलीय),तथा प् (उपध्मानीय) गणाव्या नथी. स्वरथी पर अनादि असंयुक्त फ् ना भ् तथा ह् आदेश ने बदले मात्र भ् आदेश कर्यो छे. जेमके– सेभालिआ (शेफालिका), सभरी(शफरी), सभलं (सफलम्), परन्तु सेहालिआ, सहरी, सहलं आप्या नथी. व्यञ्जन पर छतां ङ्, ञ्, ण् तथा न् ना अनुस्वारने बदले व्यंजन पर छतां न् तथा ञ् नो अनुस्वार उपरांत म् कर्यो छे. जेमके— विंझो, विम्झो (विन्ध्यः), वंचणीअं, वम्चणीअं (वञ्चणीयम्), स्प ना फ आदेश उपरांत कचित् सि आदेश थाय छे एम कह्युं छे. जेमके— पाडिसिद्धी (प्रतिस्पर्द्धी). हेमचन्द्र पाडिसिद्धी तथा पडिसिद्धीने प्रतिसिद्धि शब्दथी सिद्ध करे छे. ऋतु आदिमां त नो द कर्यो छे,परन्तु हेमचन्द्रनुं एवुं कहेवुं छे के ते तो शौरसेनी तथा मागधीमां थाय छे,

प्राकृतमां तेम करवुं उचित नथी.प्राकृतप्रकाशमां नीचे आपेला सामान्यनियमो जणाव्या नथीः—

१, २, ३, ४, ५, ९, १३, १५ (ख), २२, २३, २५, २६, २८ (अंतर्गत ञ्= ञु, ह्= घ् (विकल्पे); ३६ अंतर्गत दीर्घथी पर होय तो, अनुस्वारथी पर होय तो;३९अन्तर्गत त्स्=च्, थ्य्= छ्, द्य्=ज्,ध्य्= झ्, ह्व्=भ्,(विकल्पे), ग्म्=म् (विकल्पे); ४०, ४५, ४६.

षड्भाषाचन्द्रिकामां थ्यश्चत्सप्सामनिश्चले ॥ १।४।२३। ए सूत्रनी वृत्तिमां ह्रस्वथी पर होवानुं लक्ष्मीधरे जणाव्युं नथी. नियम३९मामां ङ्मना प् ने बदले श्च नो प् जणाव्यो छे.नियम ३९मामां श्न,ष्ण,स्न, ह्न,ल्ह,क्ष्ण, ना ण्ह् उपरांत त्स्न् नो ण्ह् जणाववानो रही गयो छे एम धारीने लक्ष्मीधरे जणाव्यो छे. परन्तु ज्योत्स्ना शब्दना संयुक्त त्स्न् मांना ऊर्ध्व त् नो नियम ३२ मां थी लोप थाय छे, अने पछी जे स्न् शेष रहे छे, तेनो ण्ह् थाय छे, एटले त्स्न् जणाववानी जरूर नथी, नियम३६मामां अनुस्वार थी पर होय तो पण शेष तथा आदेशना द्वित्व नो निषेध कर्यो छे, परन्तु दीर्घान्न ॥ १।४। ८७। ए सूत्रमां अनुस्वारनो निषेध कर्यो नथी, नियम ४३ मांथी सिद्ध थता तणुवी, लहुवी, गरुवी, बहुवी , पुहुवी तथा मउवी शब्दमांना वीने बदले लक्ष्मीधरे ई कर्यो छे. नीचे आपेला सामान्य नियमो जणाव्या नथी.(जो के त्रिविक्रमना प्राकृत व्याकरणमां आपेला छे). १३ अन्तर्गत निर् ना इ नो नित्य दीर्घ थाय छे; १४ अंतर्गत ऐनो ए अने औ नो ओ थाय छे; ४४ अंतर्गत प्रावृष् शरत् तथा तरणि शब्द प्राकृतमां पुल्लिंगमां वपराय छे.

गच्छिमो, गच्छिमु, गच्छिम, एटलां रूपो आपवामां आव्यां नथी. गच्छित्था ने बदले गच्छित्थ छे. ए पक्षवालां रूपो नथी. प्राकृतप्रकाशमां प्र० व० मां गच्छन्ते, गच्छिरे एटलां रूपो आपवामां आव्यां नथी. षड्भाषाचन्द्रिकामां प्र० व० मां गच्छिरे ने बदले गच्छइरे रूप आप्युं छे. उ० ए० गच्छिमि रूप वधारे छे. प्राकृतरूपावतारमां प्र० व० मां गच्छिरे ने बदले गच्छइरे रूप आप्युं छे.

बोधपाठ ३ जो—

प्राकृतलक्षणमां प्र० व० मां इसउ, इसओ ने बदले इसीउ, इसीओ रूपो आप्यां छे. द्वि० व० मां इसीउ, इसीओ रूपो वधारे आप्यां छे. तृ० व० मां इसीहिं नथी. पं० व० मां इसित्तो, इसीओ, इसीउ रूपो आपवामां आव्यां नथी. सं० व० मां इसउ, इसओ ने बदले इसीउ, इसीओ रूपो आप्यां छे. प्राकृतप्रकाशमां प्र० व० मां इसउ, इसी रूपो नथी अने इसओ ने बदले इसीओ रूप छे. द्वि० व० मां इसी रूप नथी. तृ० व० मां इसीहि इसीहिं रूपो नथी. स० व० मां इसीसुं रूप नथी. पं० ए० व० तथा ष० व० नां रूपो आपवामां आव्या नथी. सिद्धहेममां तृ० व० मां इसीहि, इसीहिं तथा गुरूहि, गुरूहिं रूपो आपवामां आव्यां नथी. अने पं० ए० मां इसित्तो, गुरुत्तो तथा पं० व० इसित्तो, इसीउ, गुरुत्तो रूपो आपवामां आव्यां नथी. प्राकृतरूपावतारमां सं० व० मां इसउ तथा इसओ रूपो नथी. प्राकृतशब्दरूपावलिमां पं० ए० व० मां इसित्तो तथा गुरुत्तो नथी. अने सं० व० मां गुरवो, गुरुणो रूपो नथी.

बोधपाठ ४थो—

प्राकृतप्रकाशमां रूपो आपवामां आव्यां नथी.
नोधपाठ ५ मो—

प्राकृतलक्षणमां प्र० तथा द्वि०ए० मां अच्छि तथा धणुँ रूप वधारे छे. प्राकृतप्रकाशमां प्र० ब० मां नेत्ताणि, नेत्ताइं नेत्ताइँ, अच्छीणि, अच्छीइं, अच्छीइँ, धणूणि, धणूइं, धणूइँ रूपो नथी. परन्तु नेत्ताइ, अच्छीइ, धणूइ रूपो छे. षड्भाषाचन्द्रिकामां प्र०तथा द्वि०ए०मां अच्छि तथा धणु रूप वधारे छे. प्राकृतरूपावतारमां सं० ए०मां नेत्तो रूप वधारे छे. मार्गोपदेशिकामां प्र०ए० मां अच्छि तथा धणु रूप नथी.
नोधपाठ ६ ठो—

प्राकृतलक्षण तथा प्राकृतप्रकाशमां अ तथा आव आदेश नथी कर्या, प्राकृतरूपावतार तथा मार्गोपदेशिकामां पाठावेइ, कारावेइ रूपो नथी.

नोधपाठ ७ मो—

प्राकृतलक्षणमां प० ब० मां मालाइं मालाइ रूपो वधारे छे. प्राकृतप्रकाशमां द्वि० ब० मां माला, बुद्धी; प्र० तथा द्वि० ब० मां वाणीआ, वाणी; तृ० ए० मां मालाअ: तृ०ब० मां मालाहि, मालाहिँ बुद्धीहि, बुद्धीहिँ रूपो नथी. सिद्धहेममां पं० ए० तथा ब० मां मालत्तो, बुद्धित्तो रूपो नथी. षड्भाषाचन्द्रिकामां सं० ए० मां माला रूप वधारे छे. प्राकृतशब्दरूपावलिमां तृ० ए० मां बुद्धिणा रूप वधारे छे. अने बुद्धीअ, बुद्धीइ, बुद्धीआ, बुद्धीए; पं० ए० तथा ब० मां बुद्धित्तो; सं० ए० मां बुद्धि रूपो नथी.
नोधपाठ ८ मो—

प्राकृतप्रकाशमां गच्छहि, गच्छामु. गच्छिमु, गच्छे-

ज्जसु, गच्छेज्जहि, गच्छेज्ज, गच्छ, रूपो नथी. सिद्धहेममां उ० ए० हसमु, हसिमु; गच्छमो, गच्छिमो रूपो नथी. पड्भाषाचन्द्रिकामां उ० ए० तथा व० नां रूपोआप्यां नथी प्राकृतरूपावतारमां सिंहराज पोतानी वृत्तिमां कहे छे के उ० ए० ना मु प्रत्यय पहेलां अकारनो ओकार तथा इकार न करवो, परन्तु उ० व० ना मो प्रत्ययना साहचर्यथी मु पण बहुवचननोज लेवो.

बोधपाठ ९ मो—

प्राकृतप्रकाशमां प्र० ए०मां कत्ता रूप नथी. अने सं० ए० नुं रूप ज आप्युं नथी. सिद्धहेममां सं० ए० मां कत्तारा रूप नथी. पड्भाषाचन्द्रिकामां सं० ए० मां कत्तारो रूप नथी; अने पिअरो पिअर रूपो वधारे छे.प्राकृतरूपावतारमां सं० ए० मां कत्तारा ने बदले कत्ता रूप छे. अने पिआ रूप वधारे छे. प्राकृतशब्दरूपावलिमां सं० ए० मां कत्तारा रूप नथी.

बोधपाठ १० मो—

प्राकृतप्रकाशमां तुआण, तुआंण, इअ प्रत्ययो नथी. सिद्धहेममां इअ प्रत्यय नथी. पड्भाषाचन्द्रिकामां प्रत्ययोज आप्या नथी. प्राकृतरूपावतारमां इअ प्रत्यय नथी.

बोधपाठ ११ मो—

प्राकृतप्रकाशमां सं० ए० मां राअं वधारे छे. सं० व० राइणो, प्र० तथा द्वि० व० मां राइणो; प० व० मां राइणं विगेरे, स० व० मां राईसुं; तृ० ए० मां अप्पणिआ, अप्पणइआ रूपो नथी. सिद्धहेममां सं० ए० मां राअ रूप नथी अने राअं रूप शौरसेनीमां थाय छे एम कह्युं छे. पड्भाषा-

चन्द्रिकामां पं० तथा प० ए० मां रायाणाणो, रायाणो रूपो वधारे छे. प० ए० मां अप्पणो ने बदले अप्पाणो रूप छे. प्राकृतरूपावतारमां प० ए० मां अप्पणो ने बदले अप्पाणो रूप छे. मार्गोपदेशिकामां प० ए० मां राअणो ने बदले राआणो छे.

बोधपाठ १२ मो—

प्राकृतप्रकाशमां व्व आदेश नथी आप्यो.

बोधपाठ १३ मो—

प्राकृतप्रकाशमां तद् शब्दने प्र० ए० मां विभक्ति सहित सो आदेश नित्य कर्या छे, एटले स रूप नथी. षड्भाषाचन्द्रिकामां तद् शब्दने प्र० ए० मां विभक्ति सहित स आदेश नथी कर्यो. प्राकृतरूपावतारमां सव्व शब्दना स० ए० मां सव्वे रूप वधारे छे.

बोधपाठ १४ मो—

प्राकृतप्रकाशमां सीं, हीं प्रत्ययो तथा अहेसि रूप आप्यां नथी. षड्भाषाचन्द्रिकामां सी, ही, हीअ ने बदले सि, हि, हिअ प्रत्ययो छे. प्राकृतरूपावतारमां सीं ने बदले सीअ प्रत्यय छे.

बोधपाठ १५ मो—

प्राकृतप्रकाशमां से, सिं आदेशो मात्र तद् शब्दने ज कर्या छे, एतद् तथा इदं शब्दने कर्या नथी. एतद् शब्दना प्र० ए० मां इणं, इणमो रूपो नथी आप्यां. प्राकृतरूपावतारमां एतद् शब्दना तृ० ए० मां एएण रूप नथी.

बोधपाठ १६ मो—

प्राकृतप्रकाशमां मोच्छ, भोच्छ, छेच्छ, भेच्छ आदेशो

जणाव्या नथी.षड्भाषाचन्द्रिकामां उ० ए० मां स्सं ने बदले हिस्सं प्रत्यय आप्यो छे. प्राकृतरूपावतारमां उ० ए० मां काहं ने बदले काइहं रूप छे.

बोधपाठ १७ मो—

प्राकृतप्रकाशमां त्रिशब्दनो तृ० पछी ती ने बदले ति आदेश कर्यो छे. दोण्णि ने बदले दोणि आदेश कर्यो छे. वे, वेण्णि, दुण्णि, विण्णि आदेशो जणाव्या नथी. प्र० ब० मां चउरो आदेश नथी, कारण के नित्य दीर्घ कर्यो छे. षड्भाषाचन्द्रिकामां वेण्णि ने बदले वेण्णि आदेश कर्यो छे. अने आगलनां रूपोमां पण वे ने बदले वे राख्यो छे. त्रि शब्दनो तृ० पछी ती ने बदले ति आदेश कर्यो छे.प्राकृतरूपावतारमां द्वि शब्दना प्र० ब० मां वे ने बदले बु आदेश कर्यो छे , अने आगलनां रूपोमां पण वे ने बदले बु राख्यो छे.

बोधपाठ १८ मो—

प्राकृतप्रकाश, सिद्धहेम, षड्भाषाचन्द्रिका, प्राकृतरूपावतारमां समान प्रत्ययो होवाथी कांइ नोंधवा जेवुं नथी.

बोधपाठ १९मो—

प्राकृतलक्षणमां एकदम थोडां रूपो छे. अने प्राकृतप्रकाशमां पण थोडां रूपो छे. ए बतावी आपे छे के असलमां थोडां रूपो हतां, परन्तु पाछलथी वधेलां सिद्धहेममां युष्मद् शब्दना प्र० ब० मां तुब्भ, द्वि० ब० मां तुब्भ,तुम्ह, तृ० ब० मां उब्भेहिं रूपो नथी.षड्भाषाचन्द्रिकामां युष्मद् शब्दना तृ० ब० मां हिं ने बदले सर्वत्र हि छे; पं० ए० मां तहिन्तो ने बदले तुहिन्तो आदेश छे; प० ब० मां तुने बदले

त्वा आदेश छे; स० ए० मां तुव, तुम, तुह, तुम्ह, तुब्भ, तुज्झ आदेशो नथी जणाव्या. अस्मद् शब्दना तृ० ब० मां अम्हेहिं, अम्हेहिँ, अम्हाहिं, अम्हाहिँ रूपो वधारे छे; स० ए० मां अम्हे, ममे रूपो वधारे छे, अने अम्हस्सिं, अम्हत्थ. अम्हहिं, ममस्सिं, ममत्थ, ममहिं रूपो नथी. प्राकृतरूपावतारमां युष्मद् शब्दना तृ० व० मां हिं ने बदले सर्वत्र हिं छे; पं० ए० मां तइने बदले तुइ आदेश छे; पं० तथा स० मां टाप् प्रत्यय लगाडीने स्त्रीलिंगनां बधु रूपो कर्या छे; स० ए० मां तुवे इत्यादि रूपो वधारे छे. अस्मद् शब्दना स० ए० मां ममे, अम्हे रूपो वधारे छे.

बोधपाठ २० मो—

प्राकृतप्रकाशमां इमा प्रत्यय नथी; इत्त ने बदले इन्त प्रत्यय छे; मा प्रत्यय वधारे छे; इर, मण प्रत्ययो नथी. परिमाण अर्थमां किं (इदं शब्द जणाव्यो नथी) विगेरे शब्दोने एत्तिअ, एहह वे ज प्रत्ययो लागे छे. वाकीना तद्धित प्रत्ययो जणाव्या नथी. सिद्धहेममां इत्तिल ने बदले एत्तिल प्रत्यय छे; पर तथा राअ शब्दने अनुक्रमे क्क तथा इक्क प्रत्यय लगाड्या छे, ओ ने बदले दो प्रत्यय छे. षड्भाषाचन्द्रिकामां इत्त ने बदले इन्त प्रत्यय छे; अने मा प्रत्यय वधारे छे; ओने बदले दो प्रत्यय छे; सिअं ने बदले सिअ प्रत्यय छे; नवल्लो, एकल्लो, आदेशो नथी. प्राकृतरूपावतारमां मा प्रत्यय वधारे छे. हणुमा, पारिकं, राइकं विगेरे आदेशो नथी; तुम्हेच्चअं, अम्हेच्चअं, आदेशो नथी; सव्वंगिओ पहिओ, अप्पणअं आदेशो नथी; एक्कसि विगेरे आदेशो नथी; भाव अर्थमां इल्ल, उल्ल प्रत्ययो नथी; नवल्लो, इयाल्लो, उपरिल्लो

आदेशो नथी; मीसालिओ आदेश नथी; विज्जुला, पत्तलं, पीअलं, अन्धलो आदेशो नथी.

शोधपाठ २१ मो—

प्राकृतप्रकाशमां पुल्लिंगमां वपराता नकारान्त तथा सकारान्त शब्दोमांथी शिरस् तथा नभस् शब्द साथे दामन् शब्दने वर्ज्यो नथी. पुल्लिंगमां वपराता प्रावृष् तथा शरत् साथे तरणि-शब्दने गणाव्यो नथी. पुल्लिंगमां विकल्पे वपराता अक्षि-पर्याय तथा वचन आदि शब्दोनो पण उल्लेख कर्यो नथी. स्त्रीलिंगमां विकल्पे वपराता इमान्त शब्दोनो उल्लेख कर्यो नथी, अने अञ्जलि आदि शब्दोमांथी पृष्ठ प्रश्न तथा अक्षि ए त्रण शब्दो ज गणाव्या छे. निश्चय, वितर्क, संभावन तथा विस्मयना अर्थमां वपराता हु ने बदले हुं तथा खु ने बदले क्खु अव्ययो जणाव्या छे. सूचना आदि अर्थमां वपराता अव्वोने बदले अव्वो अव्यय जणाव्यो छे. अने संभावनना अर्थमां अइ ने बदले पण संभाषणना अर्थमां अइ तथा वले अव्ययो जणाव्या छे. इव अर्थमां वपराता मिव ने बदले म्मिव अव्यय जणाव्यो छे. संभाषण, रतिकलह तथा आक्षेपना अर्थमां वपराता हरे ने बदले हिरे अव्यय जणाव्यो छे. कुत्साना अर्थमां स्र तथा आमंत्रणना अर्थमां अज्ज अव्ययो विशेष जणाव्या छे. प्राकृतप्रकाशमां नीचेना नियमो जणाव्या नथीः—

१, २, ४, ६, ८,

पड्भाषाचन्द्रिकामां पुल्लिंगमां वपराता प्रावृष्, शरत् तथा तरणि शब्दोनो उल्लेख कर्यो नथी. नपुंसक लिंगमां विकल्पे वपराता गुण आदि शब्दोमां कण्ठ शब्द वधारे.

जणाव्यो छे. नियम २ जामां जणावेला ऊ ने बदले उ आदेश कर्यो छे. षड्भाषाचन्द्रिकामां नीचेनो नियम जणाव्यो नथीः—

११.

प्राकृतरूपावतारमां पुल्लिंगमां वपराता प्रावृष् तथा शरत् साथे तरणि शब्द गणाव्यो नथी. पुल्लिंगमां विकल्पे वपराता अक्षि पर्याय तथा वचन आदि शब्दो नो पण उल्लेख कर्यो नथी. आनन्तर्यना अर्थमां णवरिने बदले णवरिअ जणाव्यो छे. प्राकृतरूपावतारमां नीचेना नियमो जणाव्या नथीः—

२, ६.

आदेशावलि (शब्द).

प्राकृतप्रकाशमां शरत् शब्दना सरअ आदेशने बदले सरद आदेश कर्यो छे. नूपुर शब्दमां ऊ ना इ तथा ए विकल्प आदेशने बदले मात्र ए आदेश नित्य कर्यो छे. लृतः क्लृप्त इलिः ॥१।३३। ए सूत्रमां क्लृप्त शब्द गणाव्यो नथी. शीकर शब्दमां क ना भ तथा ह विकल्प आदेशने बदले मात्र भ आदेश नित्य कर्यो छे. हेमचन्द्रना प्रत्यादौ डः ॥८।१।२०६। ए सूत्रमां गणावेला शब्दोमांथी प्रतिसरवेतसपताकासु डः ॥२।८। ए सूत्रथी मात्र त्रण शब्दोज गणाव्या छे. गर्भिते णः ॥२।१०। ए सूत्रमां अतिमुक्तक शब्द गणाव्यो नथी. दोलादण्डदशनेषु डः ॥२।३५। ए सूत्रमां दष्ट, दग्ध, दण्ड, दर, दाह, दम्भ, दर्भ, कदन तथा दोहद शब्दो गणाव्या नथी. तेमज विकल्प आदेशने बदले नित्य आदेश कर्यो छे. वसतिभरतयोर्हः ॥२।९। ए सूत्रमां वितस्ति,

कीतर तथा मातुलिंग शब्दो गणाव्या नथी. उत्तरीयानीय-योर्ज्जो वा ॥२।१७। ए सूत्रमां तीय तथा कृच्च प्रत्ययो गणाव्या नथी. प्रथमशिथिलनिषधेषु ढः ॥२।२८। ए सूत्रमां मेथि तथा शिथिर शब्दो गणाव्या नथी. परुषपरिघपरिखासु फः ॥२।३६। ए सूत्रमां पारिभद्र शब्द गणाव्यो नथी. लाहले णः ॥२।४०। ए सूत्रमां लाङ्गल तथा लाङ्गूल शब्द गणाव्या नथी. वली ण आदेश विकल्पने बदले नित्य कर्यो छे. षट्-शावकसप्तपर्णानां छः ॥२।४१। ए सूत्रमां शमी तथा सुधा शब्द गणाव्या नथी. गर्दभसंमर्दवितर्दिविच्छर्दिषु र्दस्य ॥३।२६। ए सूत्रमां विच्छर्द, कपर्द, मर्दित शब्दो गणाव्या नथी, अने गर्दभ शब्दमां ड आदेश विकल्पने बदले नित्य कर्यो छे. भिन्दिपाले ण्डः ॥३।४५। ए सूत्रमां कन्दरिका शब्द गणाव्यो नथी. क्मस्य ॥३।४६। ए सूत्रमां ड्स् जोडा-क्षर गणाव्यो नथी. स्नेहे वा ॥३।६४। ए सूत्रमां अग्नि शब्द गणाव्यो नथी. कालायसे यस्य वा ॥४।३। ए सूत्रमां किसलय तथा हृदय शब्द गणाव्या नथी. भाजने जस्य ॥४।४। ए सूत्रमां दनुज तथा राजकुल शब्द गणाव्या नथी. हेमचंद्रना वेमाञ्जल्याद्याः स्त्रियाम् ॥८।१।३५। ए सूत्रमां गणावेला शब्दोमां थी-पृष्ठाक्षिप्रश्नाः स्त्रियां वा ॥४।२०। ए सूत्रथी मात्र त्रण शब्दोज गणाव्या छे. अत् पथिहरिद्रा-पृथिवीषु ॥१।१३। ए सूत्रमां प्रतिश्रुत्, मूषिक तथा बिभी-तक शब्द गणाव्या नथी. ओतोऽद्वा प्रकोष्ठे कस्य वः ॥१।४०। ए सूत्रमां अन्योन्य, आतोद्य, शिरोवेदना, मनोहर तथा सरोरुह शब्द गणाव्या नथी. लोपोऽरण्ये ॥१।४। ए सूत्रमां अलाबु-शब्द गणाव्यो नथी. सदा आदि शब्दोमां

आ नो इ विकल्पे थाय छे, तेमां तदा तथा यदा शब्दो वि-
शेष गणाव्या छे, जे हेमचन्द्रे इत्यादि करी छोडी दीधा छे,
प्राकृतप्रकाशकारे वृश्चिक शब्दने ऋनो इ, श्चनो ञ्छ तथा
इ नो उ एवा आदेश करी विञ्छुअ तरीके सिद्ध कर्यो छे,
ज्यारे हेमचन्द्रे तेने विञ्छुअ तथा विञ्छिअ तरीके सिद्ध
कर्यो छे. प्राकृतप्रकाशकारे मयूरने मोर,दावाग्निने दावग्गि,
तथा दवग्गि, चाटुने चाडु तथा चडु, सूर्यने सूर, ऐरावतने एरावण
आदेश कर्या छे, ते संबंधमां हेमचन्द्र कहे छे के मोर, दा-
वाग्नि तथा दवाग्नि चाटु तथा चटु,सूर,ऐरावण ए शब्दोज संस्कृत
छे, अने ते बीजा नियमोथी सिद्ध थई जाय छे, एने माटे
स्वतंत्र आदेश करवानी जरूर नथी. वररुचिए अंकोलशब्द
ने, हेमचन्द्रे अंकोट शब्दने अने त्रिविक्रमे अंकोट शब्दने
अंकोल्ल आदेश कर्यो छे, परन्तु संस्कृतमां त्रणे शब्दो एक
ज अर्थमां वपराय छे. वररुचिए हरिद्रा शब्दने हलद्दा
आदेश नित्य कर्यो छे, परन्तु हेमचन्द्रे हलद्दा तथा हलिद्दा
एम विकल्पे कर्यो छे. वररुचि ज्यारे दिवस शब्दना आदेश
तरीके दिअहो तथा दिअसो जणावे छे, त्यारे हेमचन्द्र
दिवहो तथा दिवसो जणावे छे. वररुचि आम्र तथा ताम्र
शब्दने अम्ब तथा तम्ब आदेश करे छे. त्यारे हेमचन्द्र
अम्ब तथा तम्ब आदेश करे छे. वररुचि एम कहे छे के
उत्सुक तथा उत्सव शब्दमां त्स् नो छ नथी थतो, त्यारे
हेमचन्द्र कहे छे के त्स् नो छ विकल्पे थाय छे. वररुचि
प्रमाणे ऊसुओ तथा ऊसवो. हेमचन्द्र प्रमाणे उच्छुओ
ऊसुओ तथा उच्छवो, ऊसवो प्राकृतप्रकाशमां सिद्धहेमना
नीचेनां सूत्रो जणाव्या नथीः—

(१) क्षुधो हा ॥८।१।१७।

(२) आयुरप्सरसो वा ॥८।१।२०।

(३) ककुभो हः ॥८।१।२१।

(४) धनुषो वा ॥८।१।२२।

(५) ओत्पद्मे ॥८।१।६१।

(६) इत्तौ वृष्टिवृष्टपृथङ्मृदङ्गनप्तृके ॥८।१।१३७।

(७) अयौ वैत् ।८।१।१६९।

(८) रुदिते दिनाण्णः ।८।१।२०९।

(९) स्वप्ननीव्यो र्वा ॥८।१।२५९।

(१०) क्ष्वे वा ॥८।२।१९।

(११) एतः पर्यन्ते ॥८।२।६५।

(१२) आश्चर्ये ॥८।२।६६।

(१३) अतो रिअ्ररिज्जरीअं ॥८।२।६७।

षड्भाषाचन्द्रिकामां सिद्धहेमनां नीचेनां सूत्रो जणातां नथी (जोके त्रिविक्रमना प्राकृतव्याकरणमां आपेला छे):-

(१) पच्छय्यादौ ॥८।१।५७।

(२) श्यामाके मः ॥८।१।७१।

(३) उदोद्वार्द्रे ॥८।१।८२।

(४) आहृते डिः ॥८।१।१४३।

(५) वा कदले ॥८।१।१६७।

(६) यमुनाचामुण्डाकामुकातिमुक्तके मोऽनुनासिकश्च ॥८।१।१७८।

(७) अंकोठे ल्लः ॥८।१।२००।

(८) गर्भितातिमुक्तके णः ॥८।१।२०८।

(९) यष्ट्यां लः ॥८।१।२४७।

(१०) ध्वजे वा ॥८।२।२७।
(११) इन्धौ झा ॥८।२।२८।
(१२) अनंकोठात्तैलस्य डे ल्लः ॥८।२।१५५।
(१३) त्वादेः सः ॥८।२।१७२।
(१४) प्यादयः ॥८।२।२१८।
(१५) वैतत्तदः ॥८।३।३।

षड्भाषाचन्द्रिकामां सिद्धहेम करतां नीचेनां सूत्रो विशेष आपेलां छेः—

(१) णिम्मार्णं णिम्मिअं ॥१।२।४७।
(२) वा पुआरयाद्याः ॥१।२।११०।
(३) लो जठरवठरनिष्ठुरे ॥१।३।७७।
(४) स्मरकट्ठवोरीसरकारौ ॥१।३।१००।
(५) दर्वीकरनिवहौ दव्विर अगिह वौ ॥१।४।१२०।
(६) गह्विआद्याः ॥१।४।१२१।
(७) वरइत्तगास्तूनाद्यैः ॥२।१।३०।
(८) सोर्लुक् ॥२।२।१।

प्राकृतरूपावतारमां सिद्धहेम करतां थोडां सूत्रो आप्यां छे, परन्तु ए व्याकरणनो मुख्य-विषय रूपावतार होवाथी ग्रन्थकारे सामान्य तथा विशेष नियमो वालां केटलांक सूत्रो इरादा पूर्वक छोडी दीधेलां लागे छे. आ कारणसर ते व्याकरणमां नहि जणावेलां सूत्रोनी यादी अत्रे आपवी योग्य धारी नथी.

आदेशावलि (धातु)—

प्राकृतप्रकाशमां भू धातुना क्तप्रत्यय पर रहेतां हु आदेशने बदले हु आदेश कर्यो छे. प्रपूर्व भू धातुना पहुप्प

आदेश ने बदले पभव आदेश कर्यो छे. दृ धातुना णिअन्त दूम आदेशने बदले सामान्य दूम आदेश कर्यो छे. तृप् धातुना थिप्प आदेशने बदले थिम्प आदेश कर्यो छे. तथा, ध्यै तथा गै धातुना ठा, झा तथा गा आदेशनो बहुवचनमां निषेध कर्यो छे, अने मात्र ठाअ, झाअ तथा गाअ आदेश वपराय छे एम कह्युं छे. ग्रस् धातुना घिस आदेशने बदले विस आदेश कर्यो छे. लिह् धातुना भावकर्ममां लिब्भ आदेशने बदले लिज्झ आदेश कर्यो छे. ग्रह् धातुना भावकर्ममां वेप्प आदेशने बदले गाहिज्ज तथा गहिज्ज आदेश कर्यो छे. मृज् धातुना लुह तथा पुस आदेशने बदले लुभ तथा सुप आदेश कर्या छे. मस्ज् धातुना बुड्ड आदेशने बदले वुट्ट आदेश कर्यो छे. दृश् धातुना निअच्छ आदेशने बदले णिअक्क आदेश कर्यो छे. शक् धातुना चय आदेशने बदले वअ आदेश कर्यो छे. प्राकृतप्रकाशमां सिद्धहेम करतां नीचेना आदेशो विशेष कर्या छे: —

णुद्— णोल्ल; पद्— पाल; घ्रा— पा, पाअ; जल्प्— जम्प; चर्च्— चम्प.

षड्भाषाचन्द्रिकामां गम् तथा दृश् धातुना आदेशोमां पाठान्तर छे. अवपूर्व तृ धातुना ओह आदेशने बदले ओहर तथा ओरसने बदले ओसर आदेश कर्यो छे. उद् पूर्व वा धातुना ओरुम्मा आदेशने बदले ओरुम्म तथा वसुआ आदेशने बदले अवसुअ आदेश कर्यो छे. स्वप् धातुना कमवस आदेशने बदले कमव तथा लिस आदेशने बदले संलिस आदेश कर्यो छे. प्रपूर्व विश् धातुना रिअ आदेशने बदले रिह आदेश कर्यो छे; वळी रिंग आदेश विशेष कर्यो

छे. प्लव् धातुना णिअन्त ओम्वाल आदेशने बदले रोम्वाल आदेश कर्यो छे. नट् धातुना णिअन्त आहोड आदेशने बदले राहोड आदेश कर्यो छे. षड्भाषाचन्द्रिकामां सिद्ध-हेम करतां नीचेना आदेशो विशेष कर्या छे:-

दीप्- डीप्प, वि+ ज्ञप्- उत्तंघ, जुगुप्स्- जप्प तथा दुगुच्छ, स्खल्-सुल्ल.

षड्भाषाचन्द्रिकामां सिद्धहेमनां नीचेनां सूत्रो जणाव्यां नथी(जोके त्रिविक्रमना प्राकृत व्याकरणमां आपेला छे):-

(१) रुके हूः ॥८।४।६४।

(२) राजेरग्घछज्जसहरीररेहाः ॥८।४।१००।

(३) घटेर्गढः ॥८।४।११२।

(४) समो गलः ॥८।४।११३।

(५)छिदेर्दुहावणिच्छल्ल णिज्झोड णिव्वरणिल्लूरलूराः ॥८।४।१२४।

(६) व्यापेरोअग्गः ॥८।४।१४१।

(७) समापेः समाणः ॥८।४।१४२।

प्राकृतरूपावतारमां ज्ञा धातुना णव्व आदेशने बदले णप्प आदेश कर्यो छे, प्लव् धातुना णिअन्त ओम्वाल तथा पव्वाल आदेशने बदले ओव्वाल तथा पव्वाल आदेश कर्या छे. दृश् धातुना दक्खवने बदले दक्खाव आदेश कर्यो छे. विपूर्व स्मृ धातुना वीसर आदेशने बदले विसर आदेशः कर्यो छे; अने विम्हर आदेशजूदो न करतां स्म= म्ह ना आधारे सिद्ध कर्यो छे. त्वर् धातुना जअड आदेशने बदले जअद आदेश कर्यो छे. पृथक् करवाना अर्थमां कृ धातुना णिव्वड आदेशने बदले णिव्वट आदेश कर्यो छे. मागधी

दबायेलाना अर्थमां नम् धातुना णिसुढ आदेशने बदले णिसुड्ड आदेश कर्यो छे. भष् धातुना भक्क आदेशने बदले बुक्क आदेश कर्यो छे. प्रपूर्व भू धातुना पक्षे पभव आदेशने बदले पक्षे पहुव आदेश कर्यो छे.

परिशिष्ट.

बोधपाठ १ लो—

प्राकृतप्रकाशमां अनादि थना विकल्प धने बदले अनादि असंयुक्त थ नो ध नित्य कर्यो छे. क्त्वा प्रत्ययना इय तथा दूण विकल्प आदेशने बदले मात्र इअ आदेश नित्य कर्यो छे. कृ तथा गम् धातुथकी क्त्वा प्रत्ययना अडुअ विकल्प आदेशने बदले अडुअ आदेश नित्य कर्यो छे. भू धातुना हकारना विकल्प भकार आदेशने बदले भू धातुने भो आदेश नित्य कर्यो छे, परन्तु भविष्यकालना प्रत्ययो पर रहेतां भो आदेश नथी कर्यो. एव अव्यय ना य्येव आदेशने बदले जेव्व आदेश कर्यो छे. प्राकृतने बदले शौरसेनीमां नीचेना आदेशो कर्या छेः—

कृ–कर, स्था—चिट्ठ, स्मृ–सुमर, दृश्–पेक्ख, अस्–अच्छ, स्त्री—इत्थी, आश्चर्य—अच्चरिअ, व्यापृत—वावड, गृध्र—गिद्ध, सर्वज्ञ—सव्वण्ण, इङ्गितज्ञ—इंगिअण्ण, इव—विअ.

प्राकृतप्रकाशमां नीचे आपेलुं सिद्धहेम करता विशेष छेः—

(१) ब्रह्मण्य, विज्ञ, यज्ञ तथा कन्या शब्दना ण्य, ज्ञ तथा न्य नो ञ्ञ विकल्पे थाय छे. जेमके—बम्हञ्ञो, विञ्ञो, जञ्ञो, कञ्ञा.

(२) नपुंसकलिंगना प्र० तथा द्वि० व० मां णि प्रत्यय लागे छे, अने पूर्व स्वर नो दीर्घ थाय छे.

(३) दा धातु ने भविष्यकालना उ० ए० मां विभक्ति सहित दइस्स आदेश थाय छे.

(४) अस् धातुने भविष्यकालना उ० ए० मां विभक्ति सहित सं आदेश थाय छे.

(५) अस्मद् शब्दने प्र० व० मां वअं तथा अम्हे आदेश थाय छे.

(६) सर्वनामना स० ए० ना प्रत्यय तरीके स्सिा आदेश थाय छे. जेमके सव्वस्सिा (सर्वस्मिन्), इदरस्सिा (इतरस्मिन्)

(७) धातु थकी भाव, कर्ता तथा कर्ममां परस्मैपदना प्रत्ययो लागे छे. जेमके—सासाअसि (श्वासायसे), वन्दामि (वन्दे), कामिअदि (काम्यते)।

(८) धातुना रूपमां उपान्त्य स्वरनो एकार थाय छे, जेमके—करेदि

(९) आज्ञार्थना नि नो मि थाय छे, जेमके—करवामि (करवाणि) गच्छामि (गच्छानि).

परिशिष्ट बोधपाठ १लो—

प्राकृतप्रकाशमां नीचेनी कलमो जणावी नथीः—

(१) र्य ने स्थाने विकल्पे य्य थाय छे. (३)

(२) मध्यम पुरुषना ह प्रत्यय तथा इह शब्दना हकार नो विकल्पे धकार थाय छे. (९)

(३) अकारान्त धातुने आत्मनेपदनो दे प्रत्यय लागे छे. (८)

(४) भविष्यकालना (प्राकृतना) हिने स्थाने स्सि थाय छे (१०)

(५) अंत्य मकारथी पर णाकार आगम विकल्पे थाय छे, इकारके एकार पर होय तो. (१४)

